
લશ્કરી દિવાળી કેવી હોય છે?



દિવાળી એ ભારતનો સૌથી મોટો તહેવાર છે. ભારત આમ તો 'તહેવારોનો દેશ' કહેવાય છે, પણ એમાંય દિવાળીનું મહત્ત્વ, સ્થાન અને રોનક બધું જ અલગ હોય છે. એટલે જ તો ભારતમાં દિવાળીને તહેવારોનો રાજા પણ કહેવાય છે. દિવાળીના તહેવારની અનેક ખાસિયતોમાંની એક ખાસિયત એ પણ છે કે તે પરિવાર સાથે મળીને ઊજવવાનો તહેવાર છે. એટલે જ એક પ્રશ્ન થાય કે પોતાની ફરજના ભાગરૂપે દેશના વિવિધ લશ્કરી મોરચે તૈનાત એવા લશ્કરના જવાનો કઈ રીતે દિવાળી મનાવતા હશે? આ બાબતનો જવાબ રસપ્રદ છે. પરંતુ સીધીસાદી રીતે તે જવાબ વિશે વાત કરવા કરતાં પહેલાં એક દૃશ્યની કલ્પના કરવા જેવી છે.

સામાન્ય રીતે એવું બને છે કે સરહદ પર તૈનાત જવાનો કોઈ સરહદી ગામના સામાન્ય લોકો સાથે દિવાળી મનાવતા હોય છે અને તે ગામના લોકો પણ ક્યારેક જવાનોનો આભાર માનવાના મૂળભૂત હેતુથી વિવિધ પ્રકારના સન્માન સમારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજતા હોય છે. અલબત્ત, આ કાર્યક્રમોમાં ઝાઝી ઝાકઝમાળ અને દેખાડો હોતાં નથી, પણ તેની ઉજવણી પાછળનો હેતુ અને ભાવના સ્પષ્ટ, સાફ, મજબૂત અને એટલે જ કોઈ મોટા કાર્યક્રમો કરતાં ક્યાંય વધુ અસરકારક હોય છે.

ગીત-સંગીત એ આવા સમારંભોમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોનો એક મહત્ત્વનો હિસ્સો હોય છે. ગીત-સંગીતથી સભર આવા જ એક સાંસ્કૃતિક કાર્યક્રમના દૃશ્યની કલ્પના કરીએ. આ કાર્યક્રમના આરંભે દીપપ્રાગટ્ય સાથે 'દીપાવલી મનાયે સુહાની', 'જ્યોત સે જ્યોત જલે' અને 'શુભારંભ' જેવાં એનર્જેટિક ગીતો ગવાય છે. એ પછી કાર્યક્રમના મધ્યભાગે સૈનિકો અને તેમના પરિવારોના ત્યાગ અને બલિદાનની કદર કરતાં 'સંદેસે આતે હૈં', 'એ વતન મૈં ફિર આઉંગા' અને 'કંધો સે મિલતે હૈં કંધે' જેવાં ગીતો ગવાય છે તેમજ જવાનોની હિમત સતત વધારતાં રહેતાં અને જાળવતાં રહેતાં ગીતો, જેમ કે, લક્ષ્ય ફિલ્મનું ટાઇટલ સોંગ 'યહી લક્ષ્ય હૈ તેરા', 'દેશ મેરે', રાઝી ફિલ્મનું 'એ વતન', હકીકત ફિલ્મનું 'કર ચલે હમ ફિદા' અને કવિ પ્રદીપ લિખિત તેમજ લતા મંગેશકરે ગાયેલું ફેમસ દેશભક્તિ ગીત 'એ મેરે વતન કે લોગોં' વગેરે ગાવામાં આવે છે.

આવા કાર્યક્રમમાં છેલ્લે ગવાતાં ગીતોમાં 'યે દેશ હૈ વીર જવાનોં કા', પારિવારિક સંબંધો અને નિકટતમ મૈત્રીઓને ઉજવતું દિલ ધડકને દો ફિલ્મનું 'ગલ્લાં ગુડિયાં' અને છેવટે 'મા તૂઝે સલામ' જેવાં ગીતો ગાવામાં આવે છે. અંતે રાષ્ટ્રગીત એટલે કે 'જન ગણ મન' તો ખરું જ. આપણે આ દૃશ્યની કલ્પના કરી તે હકીકત સાથે જોડીને જોઈએ તો એમ કહી શકાય કે સરહદ પર તૈનાત જવાનો આ રીતે સરહદી ગામના સ્થાનિક નાગરિકોને જ પોતાનો પરિવાર બનાવી લેતા હોય છે. વેલ, આ તો વાત થઈ લશ્કરી જવાનો આમપ્રજા સાથે મળીને દિવાળી જેવા તહેવાર ઊજવે તેની, પણ આ પ્રકારની ઉજવણી 'શુદ્ધ' લશ્કરી દિવાળીની કેટેગરીમાં તો ન જ આવે. પછી કેવી હોય છે લશ્કરી દિવાળી?

લશ્કરી પરિવારો જ્યાં રહે છે એ કેન્ટોનમેન્ટ એરિયામાં તો 'સર્વધર્મ સ્થળ' હોય જ છે, પણ સરહદ પર તૈનાત જવાનો પણ



જ્યાં તેમની પોસ્ટ હોય અથવા જે તે સમયની પરિસ્થિતિ મુજબ સરહદ પર લાંબા સમયના રોકાણ માટેનું કોઈ પણ સ્થાન હોય ત્યાં સર્વધર્મ સ્થળ બનાવીને દિવાળી જેવા મોટા તહેવાર પર લક્ષ્મીપૂજન પણ કરીને પરંપરાગત રીતે દિવાળીની ઉજવણી કરતા હોય છે. દિવાળી નિમિત્તે સરહદ પરના સૈનિકો પોતપોતાની પોસ્ટ પર દીવા પણ પ્રગટાવતા હોય છે. એ ઉપરાંત અહીં જ તેઓ મીણબત્તીઓ પણ સળગાવે છે અને ફટાકડા પણ ફોડે છે. આ ઉપરાંત દિવાળી નિમિત્તે નાગરિકો અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મોકલાતી મીઠાઈઓ અને અન્ય વ્યંજનો (દા.ત. ફરાળી વાનગીઓ અને બીજું ઘણું બધું) પણ જવાનો હરખથી સ્વીકારીને પોતાના સાથીઓ વચ્ચે વહેંચે છે. આ સાથે શરૂઆતમાં વાત કરી તેમ વિવિધ પ્રકારના જાહેર કાર્યક્રમોનું આયોજન કરીને તેમજ આમપ્રજા વચ્ચે મીઠાઈઓ વહેંચીને જે તે સરહદી ગામના સામાન્ય લોકો સાથેનો સંપર્ક પણ ગાઢ બનાવતા હોય છે. વળી, સરહદ પર હોય પણ તત્કાળ ફરજ પર તૈનાત ન હોય એવા સૈનિકોને જ્યારે નેટવર્ક મળે ત્યારે તેઓ વિડિયો કોલ કરીને પોતપોતાના ઘરે દિવાળી નિમિત્તે થતા દીવા, ફૂટતા ફટાકડા વગેરે જોઈ પણ લેતા હોય છે અને એ રીતે તેમના અને તેમના પરિવાર વચ્ચેના અનિવાર્ય ભૌગોલિક અંતરને ઘટાડી પણ લેતા હોય છે. અહીં એ પણ નોંધવું રહ્યું કે લશ્કરની લોજિસ્ટિક્સ બ્રાન્ચના માધ્યમથી સૈનિકોના પરિવારો પણ તેમને દિવાળી નિમિત્તે વિવિધ ભેટસોગાદો મોકલતા જ હોય છે, એટલે એ રીતે પણ ખાસ કરીને આવા મોટા તહેવાર નિમિત્તે પરિવાર સાથે જવાનોનો સંપર્ક જળવાઈ રહેતો હોય છે.

વળી, દિવાળી નિમિત્તે સિનિયર લશ્કરી અધિકારીઓ પણ સરહદ પર તૈનાત જવાનોની શુભેચ્છા મુલાકાત લેતા હોય છે. એ રીતે લશ્કરનું આંતરિક બોન્ડિંગ પણ મજબૂત રહે છે. આ સાથે જુનિયર કમિશન્ડ ઓફિસર્સ તેમજ અગ્નિવીરો સહિત બધા જવાનોને સરકાર તરફથી નાણાકીય પુરસ્કારો પણ આપવામાં આવે છે.

ટૂંકમાં, સરહદ પર તૈનાત જવાનોની લશ્કરી દિવાળી વિશિષ્ટ હોય છે, કારણ કે પરિવારથી દૂર હોવા છતાં પરિવાર સાથે તેમનો સંપર્ક તો રહે જ છે અને વળી, આ જ લશ્કરી દિવાળી નિમિત્તે તેમનો પરિવાર તો વિસ્તૃત પણ થઈ જતો હોય છે.

ગીત-સંગીત એ આવા સમારંભોમાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોનો એક મહત્ત્વનો હિસ્સો હોય છે. ગીત-સંગીતથી સભર આવા જ એક સાંસ્કૃતિક કાર્યક્રમના દૃશ્યની કલ્પના કરીએ. આ કાર્યક્રમના આરંભે દીપપ્રાગટ્ય સાથે 'દીપાવલી મનાયે સુહાની', 'જ્યોત સે જ્યોત જલે' અને 'શુભારંભ' જેવાં એનર્જેટિક ગીતો ગવાય છે.



શાહરૂખ ખાનની 'કિંગ'માં દીપિકાની ભૂમિકા નાની હશે?



શાહરૂખ ખાનના ડાર્ક એક્શન અંદાજ અને એકદમ સ્ટાઇલિશ થ્રિલર ફિલ્મ જોવા જઈ રહ્યા હોવ તો તમને મજા આવશે, પરંતુ જો માત્ર દીપિકા પાદુકોણની લાંબી લવ સ્ટોરી જોવાની અપેક્ષા હશે તો કદાચ નિરાશા મળી શકે છે!

શું 'કિંગ'માં શાહરૂખ ખાન અને દીપિકા પાદુકોણની કેમેસ્ટ્રી અગાઉની 'ઓમ શાંતિ ઓમ', 'ચેન્નાઈ એક્સપ્રેસ', 'હેપ્પી ન્યૂ યર' કે 'પઠાણ' જેવી સુપરહિટ ફિલ્મોની જેમ શાનદાર લાગી રહી નથી? આ સવાલ થવાનું કારણ 'કિંગ'ના રજૂ થયેલા 'તું મિલ જાયે' ગીતમાં તેમની કેમેસ્ટ્રી થોડી અલગ કે 'ઠંડી' હોવાનો અભિપ્રાય વ્યક્ત થઈ રહ્યો છે.

શાહરૂખનો જન્મદિવસ હોય અને સિનેમાજગત ધમધમાટ ન કરે એવું તો ક્યારેય બને જ નહીં! ફેન્સ આશા રાખીને બેઠા હતા કે કોઈ ધમાકેદાર ટીઝર કે ટ્રેલર આવશે, પણ નિર્માતાએ એકદમ વાઇબ્સથી ભરેલું ગીત ભેટમાં આપી દીધું છે. એમાં 'પઠાણ'ના 'બેશરમ રંગ'ની યાદ પણ આવી રહી છે. આ ગીતની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં અરિજિત સિંહનો જાદુ તો છે જ, સાથે-સાથે ઇન્ટરનેશનલ આર્ટિસ્ટ 'એડ શીરન'નો સાથ પણ મળ્યો છે. આ ગીતમાં ટીઝરની ઝલક પણ છે!

જોકે, 'પઠાણ'ની વાત કરીએ તો એ એક ગ્લેમરસ સ્પાય-એક્શન ફિલ્મ હતી, જેમાં રોમાન્સ અને મોજ-મસ્તી ખુલ્લેઆમ હતાં. જ્યારે 'કિંગ' એક ડાર્ક એક્શન-થ્રિલર અને અંડરવર્લ્ડ પર આધારિત ફિલ્મ છે, જેમાં શાહરૂખ ખાન સિરિયલ કિલર/ડોનની ભૂમિકામાં છે. તેથી પાત્રોની ગંભીરતા અને વાર્તાના મૂડ મુજબ રોમાન્સને સંતુલિત રાખવામાં આવ્યો હોઈ શકે છે. ફિલ્મમાં શાહરૂખ અને દીપિકાના સંબંધોમાં કોઈ ગંભીર ટ્રેજેડી કે ટ્વિસ્ટ હોઈ શકે છે. જો કથામાં કોઈ દુઃખદ કે તણાવપૂર્ણ વળાંક આવવાનો હોય તો ગીતમાં પણ ખુશી કે રોમાન્સને બદલે ગંભીરતા અને અંતર ઝળકે તે સ્વાભાવિક છે.

આમ પણ નિર્દેશક સિદ્ધાર્થ આનંદ ફિલ્મોમાં સ્ટાઇલ અને લુક પર વધારે ધ્યાન આપે છે. ક્યારેક પાત્રો વચ્ચેનો તણાવ કે મનોવૈજ્ઞાનિક ખેંચાણ બતાવવા માટે જાણીજોઈને કેમેસ્ટ્રીને વધુ પડતી ગ્લેમરસ રાખવાને બદલે થોડી ગંભીર રાખવામાં આવી હોય શકે.

દર્શકોએ ફિલ્મમાં દીપિકાના મોટા રોલની આશા રાખવી નહીં. કેમ કે ગીતનાં વિઝ્યુઅલ્સ જોઈને એવો અંદાજ લગાવી શકાય છે કે દીપિકાનું પાત્ર લાંબું નહીં હોય. તે શાહરૂખની પ્રેમિકા તરીકે એક શાનદાર ટ્રેજેડીનો શિકાર બની શકે છે (એટલે કે 'ખલ્લાસ' થઈ શકે છે!). ગીતનાં વિઝ્યુઅલ્સ અને ફિલ્મની ચર્ચાઓ પરથી સંકેત મળે છે કે ફિલ્મમાં દીપિકાનો રોલ કોઈ ફુલ-ફ્લેજ્ડ હિરોઇન જેવો લાંબો નહીં, પણ એક ખાસ કેમિયો અથવા મર્યાદિત સમયનો રોલ હોઈ શકે છે. ગીતમાં દીપિકા હોવા છતાં આખો ફોકસ શાહરૂખ ખાનના પાત્ર, તેના સ્વેગ અને એક્શન પર જ રહે છે. ફિલ્મનું મુખ્ય કેન્દ્ર શાહરૂખનો 'કિંગ' અવતાર જ છે.

અત્યારથી એમ કહેવું ઉતાવળભર્યું નહીં કહેવાય કે શાહરૂખ ખાનના ડાર્ક એક્શન અંદાજ અને એકદમ સ્ટાઇલિશ થ્રિલર ફિલ્મ જોવા જઈ રહ્યા હોવ તો તમને મજા આવશે, પરંતુ જો માત્ર દીપિકા પાદુકોણની લાંબી લવ સ્ટોરી જોવાની અપેક્ષા હશે તો કદાચ નિરાશા મળી શકે છે!



દીપિકાનું પાત્ર ટૂંકું હોવાનું બીજું એક કારણ શાહરૂખની પુત્રી સુહાના ખાન છે. તે આ ફિલ્મથી પોતાનું મોટું થિયેટ્રિકલ બોલિવૂડ ડેબ્યૂ કરી રહી છે. તે વાર્તાના સૌથી મહત્વપૂર્ણ પાત્ર તરીકે જોવા મળશે. શાહરૂખ માટે આ ફિલ્મ માત્ર એક બિઝનેસ પ્રોજેક્ટ નથી, પરંતુ પોતાની પુત્રી સુહાનાને મોટા પડદા પર એક સક્ષમ એક્શન-ડ્રામા સ્ટાર તરીકે લોન્ચ કરવાનો ડ્રીમ પ્રોજેક્ટ છે. જો ફિલ્મમાં દીપિકા જેવી સ્થાપિત અને ગ્લેમરસ સુપરસ્ટાર લીડ રોલમાં હોય તો સ્વાભાવિક રીતે દર્શકોનું બધું જ ધ્યાન અને સ્ક્રીન ટાઈમ દીપિકા પર કેન્દ્રિત થઈ જાય, જેથી સુહાનાના ડેબ્યૂનો પ્રભાવ ઓછો પડી શકે.

વાર્તાના ટ્રેક મુજબ શાહરૂખ અને સુહાના વચ્ચે ગંભીર એક્શન અને માર્ગદર્શક સંબંધ દેખાડવામાં આવ્યો છે. મુખ્ય વાર્તા સુહાનાના પાત્રની આસપાસ ફરે છે, જ્યારે દીપિકાનું પાત્ર વાર્તાને આગળ વધારવા અને શાહરૂખના પાત્રમાં એક ઇમોશનલ ટ્વિસ્ટ લાવવા માટે જ ઉપયોગમાં લેવાયું છે.

આમ પણ આજકાલ બોલિવૂડમાં શાહરૂખ ખાન અને સિદ્ધાર્થ આનંદ પોતાના હોટ અને પાવરફુલ લકી ચાર્મ તરીકે દીપિકાના ટૂંકા પણ દમદાર રોલનો ઉપયોગ કરે છે. આનાથી ફિલ્મમાં દીપિકાની ગ્લેમર વેલ્યુ પણ ઉમેરાય છે અને નવી સ્ટાર (સુહાના)ને પૂરતો સ્કોપ પણ મળી રહે છે.

ફિલ્મનું 'તું મિલ જાયે' ગીત સોશિયલ મીડિયા પર ધમાકો મચાવવા માટે પૂરતું છે. બાકી વાર્તામાં અંડરવર્લ્ડનો અંદાજ, એક્શન અને ખતરનાક ડાયલોગ 'અબ ઇસ બાર દિલ મેં આગ લગી હૈ, દુનિયા જલાયે બિના માનેગા નહીં' સાથે ૨૪ ડિસેમ્બરે સિનેમાઘરોમાં આગ લગાવવા માટે તૈયાર છે. ભલે ગમે તેટલા ઉતાર-ચઢાવ આવે, પણ શાહરૂખ ખાનનો જાદુ અને બોલિવૂડનો દબદબો હંમેશાં અકબંધ રહેવાનો છે! બોક્સ ઓફિસ પર 'કિંગ' ખરેખર રાજ કરવા માટે તૈયાર છે.

પ્રખ્યાત ફિલ્મ વિશ્લેષક તરણ આદર્શ હંમેશાં પોતાના બેબાક અંદાજ માટે જાણીતા છે અને આ વખતે પણ તેમણે ઓન રેકોર્ડ કહ્યું છે કે શાહરૂખ ખાનનો કોઈ મુકાબલો નથી.

જો કોઈ પૂછે કે નંબર વન કોણ છે, તો હું કહીશ કે શાહરૂખ ખાન નંબર વનથી લઈને નંબર ટેન સુધી પોતે જ છે! જ્યારે પણ શાહરૂખ કોઈ ફિલ્મ બનાવે છે ત્યારે તે ફક્ત પ્રોજેક્ટ નથી હોતો, પરંતુ તે દિલથી કામ કરે છે અને પોતાનું સર્વસ્વ આપી દે છે.

ઓટોગ્રાફ!

દીપિકાનો ફિલ્મ 'કિંગ'માં નાનો રોલ હોવાની વાત પર કહી શકાય કે તે એટલા સમય માટે જ છે, જેટલા સમય માટે આપણે સ્કીપ બટન દબાવ્યા વગર યુટ્યુબ એડ જોઈએ છીએ!


જૂઠી જોડણીના બખડજંતર...!

વાંસદા તાલુકાના એક ગામનું નામ ભીનાર છે. તે વાંસદા-ભીનાર તરીકે ઓળખાય છે. પણ ધરમપુરમાં પણ એ જ નામનું એક બીજું ગામ છે - તેનું નામ પણ ભીનાર છે. એથી લોકો પોતાની સુવિધા ખાતર નામની સાથે "વાંસદા-ભીનાર" અને "ધરમપુર-ભીનાર" એમ બે અલગ રીતે બોલે છે. આજે આપણે મારા ભીનાર ગામની વાત કરવા જઈ રહ્યા છીએ. એ ગામ છોડ્યાને અમને લગભગ 59 વર્ષ થયાં. મૂળ અમે ગામડિયા... તે કારણે થયેલું એવું કે અમારી ભાષા પણ ગામઠી પ્રકારની લોકબોલી રહી હતી. ત્યાં શિક્ષકો સહિત

પહેલાં એ બન્ને શબ્દોનો અર્થ જોઈએ, જેમકે "કોડ" એટલે ઈચ્છા કે મહેચ્છા એવો અર્થ થાય પણ અમે વર્ષો સુધી "કોડ" ને બદલે "કોઢ" લખતા રહેલા

બધાં જ એવી ભાષા બોલતા. તે જમાનામાં અશુદ્ધ ઉચ્ચારના માર્ક્સ કપાતા ન હતા, તેથી અમારી ખોટી જોડણીને ઊંહની આંચ આવતી નહીં.

એકવાર નિબંધની નોટમાં અમે ખોટી જોડણી લખી હતી, પણ શિક્ષકો પણ અમારી આગલી પેઢીના જ વિદ્યાર્થી હતા, એથી તેમનાં ભાષાવિષયક અજ્ઞાને અમને બચાવી લીધા હતાં. અમે એક વાક્ય ખોટું લખ્યું હતું. તેમાં અમે શું ભૂલ કરી હતી તે



વિગતે જોઈએ. પણ તે પહેલાં શબ્દનો અર્થ સમજી લઈએ. અમે "કોડ" અને "કોઢ" એ બે શબ્દો વચ્ચે ભૂલ કરી બેઠાં હતાં. પહેલાં એ બંને શબ્દોનો અર્થ જોઈએ. જેમ કે "કોડ" એટલે ઈચ્છા કે મહેચ્છા એવો અર્થ થાય. પણ અમે વર્ષો સુધી "કોડ"ને બદલે "કોઢ" લખતા રહેલા. એ કારણે કેવી ભૂલ થઈ હતી તે જુઓ. એક નિબંધમાં અમારે એક ગરીબ પરિવારની કન્યા વિશે એમ લખવાનું હતું કે એક "કોડભરી" કન્યાના લગ્ન શહેરના એક સુખી પરિવારમાં થયાં હતાં. તેને બદલે અમે લખ્યું હતું: એક "કોઢભરી" કન્યાના લગ્ન સુખી પરિવારમાં થયાં હતાં. મિત્રો, અગર આપ ગામડાના ગ્રામીણ ઈલાકામાં મોટા થયા હશો તોય આપને એ બે શબ્દો વચ્ચેનો અર્થભેદ સ્પષ્ટ સમજાશે. પણ અમારા સમયગાળામાં અમે એટલા તેજસ્વી ન હતાં (અમારે એક ગરીબ પરિવારની દીકરીનાં લગ્નની વાત લખવી હતી, પણ અમે લખી બેઠાં હતાં કે એક "કોઢભરી" કન્યાનાં લગ્ન શહેરી પરિવારમાં થયાં હતાં).

મોટે ભાગે અંગ્રેજીમાં જે જોડણી આવે છે તેમાં આ પ્રકારની ઘણી ભૂલો જોવા મળે છે. ઉદાહરણ તરીકે એક શબ્દ બે રીતે લખાય છે. We have to analyse problem from every angle (આપણે બધી બાજુથી સમસ્યાનું વિશ્લેષણ કરવું જોઈએ) એવો બીજો શબ્દ છે - Ship (શિપ) એટલે વહાણ અને એવો જ બીજો શબ્દ છે - "Sip" (સિપ) એટલે ઘૂંટડો. આ બંને શબ્દોમાં સ્પેલિંગ અને અર્થ અલગ પડી જાય છે. જેમ કે According to Indian law (લૉ), you can marry with only one lady. (ભારતીય કાયદા અનુસાર તમે ફક્ત એક જ સ્ત્રી સાથે લગ્ન કરી શકો.) The temperature is very low (લો) during winter. (શિયાળા દરમિયાન તાપમાન ખૂબ જ નીચું હોય છે.)

બીજા શબ્દમાં પણ કંઈક એવા પ્રકારની જ મુશ્કેલી છે. જેમ કે Save - સેવ એટલે 'બચાવવું' અને Shave - એટલે હજામત કે દાઢી કરવી. પણ ઉપરના બંને શબ્દોને પણ તેમના ઉચ્ચારમાં થોડો તફાવત રાખીને અલગ પાડી શકાય છે. ઉદાહરણ જોઈએ, જેમ કે If you save the trees, then trees will save you. (જો તમે વૃક્ષો બચાવશો તો વૃક્ષો તમને બચાવશે.)

આપણે એવા બીજા પણ બે સમાનાર્થી શબ્દો બોલીએ છીએ. જેમ કે બેંકમાંથી "લોન" લઈએ તે અને બીજા શબ્દનો ઉચ્ચાર પણ "લોન" જ થાય છે. પણ તેનો અર્થ હરિયાળી જમીન એવો થાય છે. એ સિવાય લોન એટલે કરજ એવો અર્થ પણ થાય છે. આપણે ચોમાસામાં ચારે બાજુ હરિયાળી જોઈએ છીએ. બીજો એક શબ્દ તો શિક્ષિતોને પણ નીચું જોવડાવે એવો છે. તેનો અર્થ જોઈએ. ઘણી બેંકો હવે લોકોને નીચા વ્યાજદરે લોન આપે છે. We can see lawn everywhere in monsoon (આપણે ચોમાસામાં ચારે બાજુ હરિયાળી જમીનની ચાદર જોઈ શકીએ છીએ.)

એક બીજો એવો રસપ્રદ શબ્દ છે. Same (સેમ) એટલે સરખું, પણ એમાં વચ્ચે એચ - (H) લખો તો સ્થિતિ કેવી થાય તે પણ જોઈ લઈએ. જેમ કે It is the same picture that I had seen in my friend's house. (આ એ જ ચિત્ર છે જે મેં મારા મિત્રના ઘરે જોયું હતું.) બીજું ઉદાહરણ પણ એવો જ શબ્દભેદ ધરાવે છે. It is very shameful that Rahul again failed in that same standard. (તે ખૂબ જ શરમજનક છે કે રાહુલ ફરીથી એ જ ધોરણમાં નાપાસ થયો.)



ઘણીવાર તો લોકો જુદા જુદા અર્થવાળા શબ્દનો એકસરખો ઉચ્ચાર કરે છે. જેમ કે ઉપર જોયું તેમ There are many idle people in India (ભારતમાં ઘણાં આળસુ લોકો છે). It is very shameful that Rahul again failed in the same standard. (તે ખૂબ જ શરમજનક છે કે રાહુલ ફરીથી એ જ ધોરણમાં નાપાસ થયો.) Idle - આઈડલ એટલે આળસુ અને Idol - (આઈડોલ) એટલે આદર્શ. અહીં બંનેના ઉચ્ચારો પણ જુદા છે, છતાં લોકો અજ્ઞાનવશ તેના સરખા ઉચ્ચારો કરે છે. પણ તેથી વ્યવહારમાં કોઈ ફરક પડતો નથી. અંગ્રેજી ભણાવતા એક શિક્ષકના લોચાની વાત કરીએ. એમણે લખ્યું હતું કે લોકો શિયાળામાં ગ્લિસરિનાઈઝ્ડ સાબુ (Soap)નો ઉપયોગ કરે છે. હવે એ જ શબ્દ (Soap)નો ઉપયોગ કરીને આમ પણ લખી શકાય. I saw this gift in that shop. મેં તે દુકાનમાં આ ગિફ્ટ જોઈ!

ધ્યાનાકર્ષણ

ઉપરના સ્પેલિંગનો આ shop શબ્દ બધાં જાણે છે. પણ પહેલાં શબ્દનો અમુક લોકો જ ઉપયોગ કરે છે અને જાણકારી પણ બહુ ઓછા લોકો ધરાવે છે. શિયાળામાં તેઓ ગ્લિસરાઈઝ્ડ સાબુનો ઉપયોગ કરે છે. પણ લખતી વેળા સૌના જોડણીવિષયક અજ્ઞાન ભેગાં થઈને ખોટા શબ્દને સાચા તરીકે પ્રયોજે છે અને તેનો આજપર્યંત કોઈને વાંધો આવ્યો નથી. અને કદાચ બાવીસમી સદીમાં પણ એ જ અજ્ઞાન સર્વેસર્વા બની રહે તો નવાઈ નહીં..! (દિવાળીની સૌને શુભકામનાઓ..!)